### સુગર મિલોએ પાડેલા શેરડીના ભાવને લઈ નિરાશ ખેડૂતોની માંગ

## સુગર મિલોને પૂર્ણ સમય આપી શકે એવા સંચાલકોની જરૂર

**ખેડૂતોના** મતે સહકારિતા ક્ષેત્રમાં રાજકારણના પ્રવેશથી સુગર મિલોની સ્થિતિ કથળી

**રાજકીય** વ્યક્તિઓ સંસ્થાને પૂરતો સમય આપી શક્તા ન હોવાની ખેડૂતોમાં રાવ

**ખેતી** ખર્ચમાં વધારો સામે ભાવ ઓછા મળતાં ખેડૂતોની મુશ્કેલી વધી

બારડોલીઃ દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓ દ્વારા જાહેર કરવામાં આવેલા શેરડીના ભાવને લઈને ખેડૂતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. આ ભાવથી અસંતુષ્ટ ખેડૂતો હવે એવી માંગ કરી રહ્યા છે કે સુગર મિલોનું સંચાલન એવા નેતાઓના હાથમાં સોંપવું જોઈએ જે સંસ્થાને પોતાનો સંપૂર્ણ સમય આપી શકે.

ખેડૂતોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે જો બિનરાજકીય વ્યક્તિઓ સુગર મિલોના વહીવટમાં પૂર્ણ સમય આપે તો ખેડૂતોને શેરડીના સારા ભાવ મળી શકે છે. ખેડૂત સભાસદોનું કહેવું છે કે સહકારિતા ક્ષેત્રમાં રાજકારણના પ્રવેશથી સુગર મિલોની સ્થિતિ કથળી રહી છે અને મોટા ભાગની મિલોમાં રાજકીય વ્યક્તિઓની નિમણૂક થયેલી છે.

હાલમાં જાહેર થયેલા શેરડીના ટન દીઠ ભાવથી ખેડૂતો સંતુષ્ટ નથી. ખેડૂતોને આશા હતી કે તેમને ટન દીઠ 4000 રૂપિયાથી વધુ ભાવ મળશે, પરંતુ તેમની આશા પર પાણી ફરી વળ્યું છે. હવે ખેડૂતો સ્પષ્ટપણે કહી રહ્યા છે કે સુગર મિલોનો વહીવટ એવા લોકો પાસે હોવો જોઈએ જે સંસ્થાને પૂરો સમય આપી શકે. તેમનું માનવું છે કે જો સંસ્થામાં બિનરાજકીય વ્યક્તિઓ હોય તો વહીવટ સરળતાથી ચાલી શકે છે અને આવી વ્યક્તિઓ જ ખેડૂતોની સમસ્યાઓને સારી રીતે સમજી શકે છે. રાજકીય વ્યક્તિઓ સંસ્થાને પૂરતો સમય આપી શકતા ન હોવાથી વહીવટી અને સંચાલનમાં મુશ્કેલીઓ આવે છે, જેની સીધી અસર શેરડીના ભાવો પર પડે છે. એક તરફ મોંઘવારીના કારણે ખેતી ખર્ચ વધી રહ્યો છે અને બીજી તરફ પોષણક્ષમ ભાવ ન મળવાના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. કેટલાક ખેડૂતો તો કાર્યદક્ષ સંચાલકોના અભાવને પણ આ માટે જવાબદાર માને છે .

દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓના ખેડૂતોનું માનવું છે કે હવે સુગર ફેક્ટરીના સભાસદોએ પણ જાગૃત થવાની જરૂર છે અને સંસ્થામાં કોઈ સારી અને અનુભવી વ્યક્તિ જોડાય તે માટે ભાર મૂકવો જોઈએ. આગામી દિવસોમાં સુગર મિલોની ચૂંટણી યોજાવાની છે ત્યારે ખેડૂત સભાસદો એવી આશા વ્યક્ત કરી રહ્યા છે કે તેઓ એવા નેતાઓને જ ચૂંટે જે સુગર ફેક્ટરીને લાભ કરાવી શકે. ખેડૂતોનું કહેવું છે કે ભાવ જાહેર થયા બાદ બે-ત્રણ દિવસ ચર્ચા કરીને તેઓ આ વાતને ભૂલી જાય છે, પરંતુ જો ભાવ બાબતે આ જ વલણ ચાલુ રહેશે તો ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવશે.

### એકથી વધુ સંસ્થામાં હોદ્દા ધરાવતા સંચાલકો ધ્યાન આપી શકતા નથી

દક્ષિણ ગુજરાતમાં આવેલી સુગર મિલોના સંચાલક મંડળમાં બેઠેલા સંચાલકો એક કરતાં વધુ સંસ્થામાં હોદ્દા ધરાવતા હોય સુગર મિલમાં યોગ્ય ધ્યાન આપી શકતા નથી. આથી એક જ સંસ્થામાં હોદ્દો હોય તેવા નેતા સરળતાથી પુરતું ધ્યાન આપી શકે તો સંસ્થાના વિકાસમાં વધુ પ્રગતિ થવાની સાથે સાથે ખેડૂત સભાસદોને પણ ફાયદો થઈ શકે એમ છે.



ભાડભૂત બેરેજ પ્રોજેક્ટ જૂન-2027 પૂર્ણ કરવાનું આયોજન

## ભરૂચ, અંકલેશ્વરને બે વર્ષમાં નર્મદાનું મીઠું પાણી મળતું થશે

**ઔદ્યોગિક** અને પીવાના પાણીના સંગ્રહમાંથી વાર્ષિક આશરે રૂ.900 કરોડની આવક થશે

ભરૂચઃ ભાડભૂત બેરેજ પ્રોજેક્ટ જૂન-2027 માં પૂર્ણ થવાનો છે અને જુલાઈ-2027થી નર્મદા નદીના મીઠા પાણીનો સંગ્રહ જળાશયમાં થવાનો હોય ભરૂચ અને અંકલેશ્વરને આગામી ૨ વર્ષમાં મીઠું શુદ્ધ પાણી નર્મદા નદીમાંથી મળતું થઈ જશે.

ભરૂચ-અંકલેશ્વર વિસ્તારની ખારી જમીનને બચાવવા માટે નર્મદા નદી પર ભાડભૂત બેરેજ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે, જેમાં લોકમાતા નર્મદાના મીઠા પાણીનો સંગ્રહ કરીને, જે દરિયામાં બિનઉપયોગી રીતે વહે છે, તેને મીઠા પાણીનું તળાવ બનાવીને સંગ્રહિત કરવામાં આવી રહ્યો છે. આ વિસ્તારમાં પીવા અને ઔદ્યોગિક ઉપયોગ માટે ખારા પાણીનો સંગ્રહ કરવાનો અને સમુદ્રના મુખથી છેક 70 કિલોમીટર ઉપર શુક્લતીર્થમાં દરિયાના પાણીના પ્રવાહને અટકાવવાનો પણ છે, જેનાથી ખારાશની સમસ્યા કાયમી દૂર થશે.

મૂળ તો પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં 53 ટકા ભૌતિક પ્રગતિ થઈ છે. નર્મદા નદીના પૂરના પ્રવાહને સરળતાથી પસાર થાય તે માટે તબક્કાવાર બેરેજનું બાંધકામ હાથ ધરવાની યોજના હેઠળ પ્રથમ તબક્કાનું 99 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. બેરેજના બાકીના કામોનું કામ બે તબક્કામાં પૂર્ણ કરવાની યોજના છે. તે મુજબ, કામનો પ્રથમ તબક્કો જુલાઈ-2026 માં પૂર્ણ કરવાનું આયોજન છે અને પૂર સંરક્ષણ પાળા સહિતનો બીજો તબક્કો જૂન-2027માં પૂર્ણ કરવાનું આયોજન છે. ઔદ્યોગિક અને પીવાના પાણીના દરોના સંગ્રહમાંથી વાર્ષિક આશરે રૂ.900 કરોડની આવક થશે. પ્રથમ તબક્કામાં ચાલી રહેલા કામમાં કોફર્ડમનું બાંધકામ, ગર્ડર કાસ્ટિંગ, સિમેન્ટ કોંક્રિટ બ્લોક કાસ્ટિંગ અને ગેટ ઇન્સ્ટોલેશન અને લિફ્ટિંગ મિકેનિઝમ્સ જેવા હાઇડ્રો-મિકેનિકલ કાર્યનો સમાવેશ થાય છે. વધુમાં, ફિશ પાસ અને માછીમારોની નેવિગેશન ચેનલ પર નોંધપાત્ર પ્રગતિ થઈ છે, જ્યારે એપ્રોચ રોડનું બાંધકામ મે-2025 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ઉપલબ્ધ જમીન પર પૂર સંરક્ષણ પાળાનું કામ ડિસેમ્બર 2025 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## કડોદ મીંયાવાડીમાં રસ્તા પર દબાણોની મોંકાણ, ટ્રાફિક સમસ્યાને લોકો પરેશાન

**સરકારી** બાંકડાઓ પણ દબાણનો ભાગે બન્યા, ગ્રાન્ટ વિગતો પર રંગ ગલાવી દેવાયો

બારડોલીઃ કડોદ મીંયાવાડી ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં કડોદ, બારડોલી, માંડવી રોડ ઉપર બિનઅધિકૃત દબાણોનો રાફડો ફાટતા ટ્રાફિકની સમસ્યા દિનપ્રતિદિન વધી રહી છે.

કડોદ ભીંડી બજાર તેમજ કડોદ માંડવી બારડોલી માર્ગ પર આડેધડ લારીઓ તેમજ કેબીનો રોડ માર્જિનમાં ઊભા કરતાં ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે. માર્ગ અકસ્માતના બનાવો પણ વધી રહ્યા છે. કડોદ હાઈસ્કૂલમાંથી 2000 જેટલા બાળકોની અવરજવર સવારે 9 થી 10.30 અને સાંજે 4.45 થી 5.30 સુધી રહેતી હોય છે. જાહેર માર્ગ પર બિનઅધિકૃત તંબુ બાંધી લારીઓ મૂકી દેતાં રાહદારીઓને અગવડતા થઈ રહી છે. કડોદ ઝંડા બજારમાં પસાર થતાં માર્ગ પાસે એક રાજકારણીએ તાલુકા પંચાયતના બાંકડા સરકારી ગ્રાંટમાંથી મૂકી ટ્રાફિક સમસ્યા વધુ વિકટ કરી દીધી છે. ત્યારે આવા ખાનગી માલિકને સરકારી બાંકડા આપી આ બાંકડા પર લખેલા ગ્રાન્ટની વિગતો પર રંગ લગાવી દીધો છે. જાહેર જગ્યા પર મુકવામાં આવેલા બાંકડા ખાનગી જગ્યામાં મૂકી દબાણ ઊભું કરવામાં આવી રહ્યું છે ત્યારે તે બાંકડા હટાવામાં આવશે કે કેમ તે જોવુ રહ્યું.

## ધામણોદ પાસેથી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ, 21 લાખની મતા કબજે



ઇબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા પોલીસને બાતમી મળી હતી કે દમણ ખાતેથી ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરીને કોસંબા નજીકથી ટ્રક પસાર થવાની છે, જેથી કોસંબા પોલીસે વોચ ગોઠવી ટ્રક (નં. જીજે 15 એવી 64 37)ને ધામણોદ નજીક હાઈવેની બાજુમાંથી ઝડપી પાડી ટ્રકનો ચાલક કલ્યાણ સિંહ મલખાન સિંહ યાદવ (રહે., ઉત્તર પ્રદેશ) અને અંકિત ઉર્ફેક કલ્લુ અવધેશ યાદવ (રહે., ખરોડ, અંકલેશ્વરની ધરપકડ કરીને મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સાથે અંશુ પોરફે પીન્ટુ અવધેશ યાદવ, શિવ કુમાર ગંગાબી સુન યાદવ અને દમણથી દારૂનો જથ્થો મોકલનાર અજાણ્યા ઈસમ મળીને ત્રણને વોન્ટેડ જાહેર કર્યા હતા. આ સાથે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મોટી નરોલી નજીક અજાણ્યા વાહન અડફેટે બુલેટસવાર બેનાં મોત

હથોડાઃ મોટી નરોલી નજીક હાઈવે પર પસાર થઈ રહેલા બુલેટને અજાણ્યા વાહને અડફેટમાં લેતાં બુલેટ પર સવાર બે જણાનું ઘટના સ્થળે મોત થયું હતું.

કોસંબા પોલીસ પાસેથી મળેલી વિગત મુજબ જીજે 16 ઈ બી 4158 નંબરની પોતાની બુલેટ મોટરસાઈકલ ઉપર સવાર થઈ દીપ વિપુલ કુમાર ખંભોળજા અને તેમની પાછળ સવાર દીક્ષિત કુમાર રાકેશભાઈ શર્મા સાથે તેઓ બુલેટ લઈને મોટી નરોલી હાઈવે પરથી પસાર થતાં હતા ત્યારે હાઈવે પરથી ધસી આવેલા કોઈ અજાણ્યા કાળમુખા વાહને બુલેટને અડફેટે લેતાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં તેઓનું ઘટના સ્થળે જ મોત થયું હતું. બનાવ અંગે કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરી અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વર-પીરામણ ગામે મંથર ગતિએ રોડની ચાલતી કામગીરી, ગ્રામજનો માટે મુશ્કેલી

**રોડ** વહેલો પૂર્ણ કરવા પીરામણ રહીશોની એસડીએમ સમક્ષ માંગ



ભરૂચ, અંકલેશ્વરઃ અંકલેશ્વરથી પીરામણ ગામે નવા રોડની કામગીરી ચાલી રહી છે, પરંતુ વૈકલ્પિક રસ્તાના રૂપે વાહનચાલકો સોસાયટીઓના રસ્તેથી પસાર થતાં ગ્રામજનો માટે સમસ્યા ઊભી થતાં રહીશોએ અંકલેશ્વર SDMને આવેદનપત્ર પાઠવી કામગીરીને વહેલી તકે પૂરી કરવા માંગ કરી છે.

પીરામણ ગામના રહીશ સલીમ યુ પટેલ, સલીમ શેખ સહિત રહીશોએ અંકલેશ્વર SDM ભવદીપસિંહ જાડેજાને લેખિતમાં આવેદનપત્ર પાઠવીને જણાવ્યું હતું કે અંકલેશ્વરથી પીરામણ ગામનો નવો રોડ બનાવવાની કામગીરી ધીમી ગતિમાં ચાલી રહ્યું છે, વટેમાર્ગુઓ માટે વૈકલ્પિક માર્ગ અપાયો નથી અને નિર્દેશરૂપ બોર્ડ પણ લગાવ્યા નથી. જેને લઈને વાહનચાલકોએ હાલ તો ખાનગી સોસાયટીઓ અને પીરામણ ગામના સાંકડા રોડ પરથી પસાર થવાનો વારો આવે છે. જેને લઈને અકસ્માતોનો પણ ભય દેખાઈ આવે છે. અને ક્યારેક વાહનચાલકો અને પીરામણ ગામના નાગરીકો વચ્ચે પણ સંઘર્ષ થતા રહે છે. જેથી પીરામણ ગામના રહીશોની માંગ છેકે વૈકલ્પિક માર્ગ આપવા અને દિશા નિર્દેશના સૂચક બોર્ડ લગાડવા જોઈએ. પીરામણ ગામની ખાનગી માલિકીની જગ્યાએથી વાહનો અટકાવીને અન્ય જગ્યાએથી વ્યવસ્થા કરવી જોઈએ તેમજ રોડ બનાવનારા ઈજારદારે વહેલી તકે કામગીરી પૂર્ણ માંગ કરી છે. આ આવેદનપત્ર ભરૂચ જિલ્લા કલેકટર, નાયબ કાર્યપાલક ઈજનેર, અંકલેશ્વરના DYSP, અંકલેશ્વર મામલતદાર અને અંકલેશ્વર શહેર પોલીસને પણ સુપરત કરાયું હતું.

## લિંબાડા ગામે ત્રણ યુવાનને ફસાવી તડીપાર કર્યા હોવાના આક્ષેપ સાથે મામલતદારને આવેદનપત્ર અપાયું

**પોલીસ** કામગીરી સામે આક્ષેપ કરી ગ્રામજનોએ ન્યાયની માંગ કરી



ઇબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા નજીકના લિંબાડા ગામે ત્રણ યુવાનોને કેસમાં ખોટી રીતે ફસાવી દઈ તેમની ઉપર પોલીસ કેસ કરી ડરાવી ધમકાવીને તડીપાર કરવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ માંગરોળના મામલતદારને આવેદનપત્ર પાઠવી ન્યાય આપવા માંગ કરી છે.

મામલતદારને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે લિંબાડા ગામના ત્રણ યુવાનોને જાહેરમાં માર મારી ખોટા કેસમાં ફસાવી દઈ કાયદાથી ઉપરવટ જઈ તડીપાર કરાવી દીધા છે. જ્યારે આ ત્રણેય યુવાનો નિર્દોષ છે, જેમનો કોઈ ક્રિમિનલ કે ગુનાનો કોઈ રેકોર્ડ નથી, તેમ છતાં કોઈપણ વાંક વિના ખોટો કેસ કરીને તડીપાર કરી દેવામાં આવતા તેમનો પરિવાર ઉપર ભૂખમરો આવી જવા સાથે અને ખોટી રીતે હેરાનગતિ અને ભારે પરેશાનીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

આવેદનમાં જણાવ્યા મુજબ ગઈ તા. 22 જાન્યુઆરી, 2025 ના રોજ વસાવા અક્ષય અર્જુનભાઈ, વસાવા યશભાઈ કાંતિભાઈ લિંબાડા ગામના પાદરે બેસેલા હતા. ત્યારે આ જ ગામના યજ્ઞેશભાઈ રાજુભાઈ ગોહિલ રાજપુત નામનો યુવાન ગામના પાદરે બીજા આ જ ગામના સંજયભાઈ કાલિદાસ વસાવા નામના યુવાન સાથે કોઈ અગમ્ય કારણસર લડાઈ ઝઘડો કરીને માર મારી રહ્યો હતો. આથી ત્રણેય યુવાનોએ માનવતા ના ધોરણે લડાઈ ઝઘડો કરતાં યુવાનને છોડાવતા અને લડાઈ ઝઘડો શાંત કરી સમાધાન કરાવ્યું હતું. જેથી જે જૂની અદાવત રાખીને યજ્ઞેશભાઈ રાજુભાઈ ગોહિલ પાસે ખોટી ફરિયાદ કરાવવામાં આવેલી જ્યારે આ યુવાનો વડે વેલાછા પોલીસે યજ્ઞેશભાઈ રાજુભાઈ ગોહિલની વિરુદ્ધમાં ફરિયાદ આપેલી જે તેમના વડે લેવામાં આવેલી નથી પરંતુ વેલાછા પોલીસે પણ એક તરફથી કામગીરી કરીને વિરુદ્ધમાં ફરિયાદ નહીં લઈને અને પોલીસે ડરાવી ધમકાવી ખોટા કેસમાં ફસાવી જેલમાં પૂરી દેવામાં આવ્યા હોવાના આક્ષેપ કરી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

### તિલકવાડાના કાલાઘોડા ગામે જમીન મામલે ટાંટીયા તોડી નાંખવાની ધમકી

રાજપીપળાઃ નર્મદાના તિલકવાડા તાલુકાના કાલાઘોડા ગામમાં રહેતા વિધવા મહિલાને તેમના જ કાકાના દીકરાએ જમીન મુદ્દે ધમકી આપતા તિલકવાડા પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે. તિલકવાડાના કાલાઘોડા ગામના વિધવા મહિલા હસુમતીબેન પ્રહલાદભાઈ દલપતભાઈ બારીયાએ આપેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના પિતા ગુજરી જતાં તેઓની જમીનના સીધી લીટીના વારસદાર તરીકે તેઓ અને તેમના બહેન ભાવનાબેન છે. બંને બહેનો એકલી હોય તેમના કાકાના દીકરા પ્રિતેશભાઈએ પિતાની વડીલો પાર્જિત જમીન લેવા માટે તેમના ઘર આગળ જઈ હસુમતીબેન તથા ભાવનાબેનને ગાળો બોલી તમારા પિતાની જમીન આપી દો નહીં તો ટાટીયા ભાંગી નાખીશ અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે તિલકવાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સોનગઢમાં પરિણીતાને ફોસલાવી શરીર સંબંધ બાંધનાર સહિત પાંચ વિરુદ્ધ એટ્રોસિટીની ફરિયાદ

વ્યારાઃ સોનગઢના પરિણીત શખ્સે ધુલિયાની ૩૧ વર્ષીય પરિણીતાને ફોસલાવી વારંવાર શરીર સબંધ બાંધ્યા બાદ તેના દાગીના અને રૂપિયા પડાવ્યા પછી પરિવારજનો સાથે મળી જાતિ વિષયક અપમાનીત કરતા આ પરિણીત શખ્સ અને તેનાં પત્ની સહિત પાંચ વિરુદ્ધ એટ્રોસિટીનો ગુનો નોંધાયો છે.

સોનગઢ કેસરીનંદન સોસાયટીમાં રહેતા યશવંત પંડિતભાઈ પ્રજાપતિએ ગત તા.૪ નવેમ્બર ૨૦૨૪નાં રોજ પોતે ઘરે એકલો હોવાનું કહી ધુલીયાની એક પરિણીતાને લઈ આવી પોતે હવે તેની સાથે જ પ્રેમ કરવાનો છે અને પત્ની તરીકે સાથે રહેવાનો છે. તેવી લાલચ આપી સુરતના ગેસ્ટ હાઉસમાં શરીર સંબંધ બાંધ્યો હતો. યશવંત પ્રજાપતિએ આ મહિલાનાં આધારકાર્ડમાં પણ પતિની જગ્યાએ પોતાનું નામ લખાવી દીધું હતુ. તેણી સાથે છેલ્લે સોનગઢની આશીર્વાદ હોટલમાં પણ રૂમ બુક કરાવી આ પરિણીતા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો.

યશવંત પ્રજાપતિની પત્ની સોનાલી પ્રજાપતિ, રોહન પવાર બંને હોટલમાં દોડી આવ્યા હતા. ધુલિયાની મહિલાને જાતિ વિષયક ગાળો આપી ચપ્પુ મારી દીધું હતુ. તેથી ભોગ બનનાર મહિલાએ પોલીસ બોલાવતા પોલીસમથકે પણ તેણીને જાતિ વિષયક અપશબ્દો બોલી અપમાનિત કર્યા હતા. જેથી આ પરિણીતાએ યશવંત પંડિતભાઈ પ્રજાપતિ, પત્નિ સોનાલી પ્રજાપતિ, યશવંતની બેન (નામની ખબર નથી), ભાઈ યોગેશ પંડિતભાઈ પ્રજાપતિ તથા રોહન પવાર (તમામ રહે., સોનગઢ) સામે એટ્રોસિટી એક્ટ સહિતનો ગુનો નોંધી વધુમાં કાર્યવાહી હાથ ધરી છે.

## અંકલેશ્વર નગરપાલિકાની વેરા વસૂલાતમાં અઢીથી ત્રણ ટકાનો વધારો

**ગત** વર્ષની સરખામણીમાં વ્યવસાય વેરામાં 1.26 ટકા, મિલકત વેરામાં 2.94 ટકા જેટલો વધારો

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકાના ગત નાણાકીય વર્ષ દરમિયાન વ્યવસાય વેરો તેમજ હાઉસ ટેક્સની વસૂલાતમાં અઢીથી ત્રણ ટકા જેટલો વધારો નોંધાયો હતો. અંકલેશ્વર નગરપાલિકાના વર્ષ 2024-25 નાણાંકીય વર્ષમાં રૂ.1,65,30,000 વ્યવસાય વેરા સામે કુલ રૂ.1,43,85,000 ની વસૂલાત થતાં અંદાજિત 87.12 ટકા થવા પામી હતી જે ગત વર્ષમાં 85.86 ટકા જેટલી હતી. આમ ગત વર્ષની સરખામણીમાં વ્યવસાય વેરાની આવકમાં 1.26 ટકા વધારો થયો હતો.

તો બીજી તરફ મિલકત વેરાની વાત કરીએ તો વર્ષ 2024-25માં કુલ માંગણુ રૂ.12.22 કરોડ હતું, જે સામે કુલ રૂ.9.16 કરોડની વસૂલાત થતાં રિકવરી અંદાજિત 74.92 ટકા થવા પામી હતી, જે ગત વર્ષે 71.98 ટકા જેટલી હતી.આમ ગત વર્ષની સરખામણીમાં હાઉસ ટેક્ષની આવકમાં 2.94 ટકા વધારો થયો હતો. ઉલ્લેખનીય છે કે પાલિકા વિસ્તારમાં અંદાજે 32000 જેટલી મિલ્કતો નોંધાયેલી છે.

આ ઉપરાંત અંકલેશ્વર નગરપાલિકાની માલિકીની જમીન તેમજ દુકાનોના ભાડાની આવકમાં પણ વધારો નોંધાયો છે. જેમાં સ્લમ વિસ્તારની જમીન ભાડા પેટે ચાલુ વર્ષે રૂ.19,43,607ની વસૂલાત થઈ હતી. માલિકીની દુકાનોના ભાડા પેટે ચાલુ વર્ષે રૂ.12,45,516ની વસુલાત થઈ હતી. જે ગત વર્ષે રૂ.8,25,263 હતી. બિન વિવાદિત જમીન ભાડા તેમજ દુકાનોના ભાડામાં ગત વર્ષની સરખામણીએ વધારો નોંધાયો છે.

## માંડવીના પોક્સોના ગુનામાં આરોપીને બે વર્ષની સખત કેદ

**યુવકે** ધમકી આપી બળજબરીથી સંબંધ બાંધ્યો હતો

બારડોલીઃ સુરત જિલ્લાના માંડવીના ઘંટોલી ગામે 17 વર્ષની તરૂણીને લાગણી લાલચ આપી બળાત્કાર કરનાર આરોપીને બારડોલી સેશન્સ કોર્ટ દ્વારા પોક્સો એક્ટ હેઠળ બે વર્ષની કેદની સજા કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર માંડવીના બડતલ ગામના અને હાલ ઘંટોલી ગામે આમલી ફળિયામાં રહેતા પ્રગ્નેશભાઈ કુંવરસિંગભાઈ ઉર્ફે ચિલીયાભાઈ ચૌધરી (ઉ.વ.26) એ 17 વર્ષની કિશોરીને પ્રેમસંબંધમાં ફસાવી હતી. જે બાદ આરોપીએ અંગત ફોટા ઇન્સ્ટાગ્રામ એપ પર અપલોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કિશોરી સાથે બળજબરી શરીરી સંબંધ બાંધ્યો હતો.

કિશોરીએ વર્ષ 2021માં માંડવી પોલીસમથકમાં ફરિયાદ આપી હતી. આ કેસ બારડોલીની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ નિલેષ એચ. પટેલની દલીલ સાંભળી તથા રજૂ કરેલા પુરાવાઓને ધ્યાનમાં લઈ આરોપી સામેનો ગુનો પુરવાર થતાં બારડોલીના પાંચમા એડિશનલ સેશન્સ જજ રોબિન પી.મોગેરાએ આરોપી પ્રગ્નેશ ચૌધરીને ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેક્સ્યુઅલ ઓફેંસિસ એક્ટ 2012ની કલમ 11 સાથે વાંચતાં કલમ 12 મુજબના ગુના સંદર્ભે બે વર્ષની સખત કેદની સજા તથા 15 હજાર રૂપિયાનો દંડ અને દંડ ન ભારે તો 6 માસની સાદી કેદની સજા તેમજ ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ 66 ઇ મુજબના ગુના સંદર્ભે બે વર્ષની સખત કેદની સજા અને 15 હજાર રૂપિયા દંડ હુકમ કર્યો હતો.

## કુકરમુંડામાં જુના કાવઠાની પ્રા.શા.નું તોડી નાંખેલા કમ્પાઉન્ડ બનાવવા માંગ

વ્યારાઃ કુકરમુંડા ગામે ગ્રુપ ગ્રામ પંચાયત સમાવેશ જુના કાવઠા ગામની પ્રા.શા.માં રાત્રિ દરમિયાન કમ્પાઉન્ડને ટક્કર મારી જાહેર સંપત્તિને નુકસાન કરવા તથા RMB માંથી મંજૂર થયેલ રસ્તાને તાત્કાલિક બનાવવાની માંગ ઉઠી છે. સ્થાનિકોએ આ મામલે મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદન આપ્યું હતું. સ્થાનિક લોકોનાં જણાવ્યા મુજબ થોડા દિવસ પહેલા રાત્રિએ એક ડમ્પર પ્રા.શા કાવઠાનાં કમ્પાઉન્ડને ટક્કર મારતા નુકસાન થયું હતું. પ્રાથમિક શાળા કાવઠાને અડીને મેઈન રસ્તો આવેલો છે. જેથી દિવસ દરમિયાન આખો દિવસ ટ્રકોની અવર-જવર રહેતી હોય છે. જેથી ત્યાંનો મુખ્ય રસ્તો ખૂબ મોટા પ્રમાણમાં બિસ્માર થયો છે અને રોડ પરથી ધૂળ- ડમરી ઉડે છે. જેના લઈ લોકોના સ્વાસ્થયને નુકસાન થઈ રહ્યું છે. આશરે બે વર્ષ પહેલાં RMB માંથી રસ્તો મંજૂર થયો છતાં આજ દિન સુધી રસ્તો બનાવવામાં આવ્યો નથી.

### કોસમડીમાં હાટ બજારને લઈને ટ્રાફિકજામની સ્થિતિ

ભરૂચઃ હાલમાં ફરીવાર કોસમડી ગામ નજીક દર શનિવારે ભરાતા હાટ બજારે વાહનો લાંબી કતારથી ટ્રાફિક જામનો પ્રશ્ન ઉદ્દભવી રહ્યો છે. આ રોડને અડીને આવેલી જગ્યા લઈને ઠેર ઠેરથી મોટી સંખ્યામાં ખરીદી કરવા આવે છે. વેપારીઓ આડેધડ પાર્કિંગ કરતા હોય છે. લારીઓ અને ગલ્લાઓ મુખ્ય માર્ગને અડીને ઊભા રહે છે. હાલમાં શનિવારે પણ હાટ બજારના કારણે કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.મૂળ તો અગાઉ તો બે શરતોનાં આધારે હાટ બજાર શરૂ મંજુરી આપી હતી.

### બુદ્ધ વિહાર બૌદ્ધ ભિક્ષુકોને સોંપવા માંગરોળ મામલતદારને રજૂઆત

વાંકલઃ મૂળ નિવાસી સંઘ દ્વારા માંગરોળ મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદેશ મૂળ નિવાસી સંઘના પ્રમુખ કિશન સોલંકી દ્વારા માંગરોળ મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. તેમાં જણાવ્યા મુજબ બુદ્ધ વિહાર તીર્થ સ્થાન ખાતે બ્રાહ્મણો દ્વારા ત્યાં કબજો જમાવી દેવામાં આવ્યો છે. આખા તીર્થ સ્થાન ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયત્નો થઈ રહ્યો છે. પૂજા અર્ચના કરવામાં આવી રહી છે, તે પૂજા વિધિઓ બંધ કરી મૂળ બૌદ્ધ ભિક્ષુકો કે પ્રબંધક સમિતિને પૂજા અર્ચના સોંપવાની માંગ સાથે માંગરોળ મામલતદારને રજૂઆત કરવામાં આવી હતી.

## વાવ પાસે થયેલા અકસ્માતને જોવામાં બીજો અકસ્માત સર્જાયો



વિશાલ પટેલ

કામરેજઃ મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે પર મંગળવારે સાંજે કામરેજ તાલુકાના વાવ ગામ પાસે બોલેરો પિકઅપ ટેમ્પો (નં.જીજે 13 એડબ્લયુ 6069) માં પશુઆહાર ભરીને જઈ રહ્યો હતો ત્યારે આગળ ચાલતા ટ્રકની પાછળ અચાનક ટેમ્પો અથડાઈ ગયો હતો. જો કે કોઈને પણ જાનહાની થવા પામી ન હતી. તે જ સમયે ટેમ્પોના અકસ્માતને જોવામાં સામેના રોડ પરથી પસાર થતી મારૂતી વાનના ચાલકે રોડની સાઈડમાં ઉભા રહેલા બાઈક અને કારની સાથે અથડાવી દેતાં કાર અને બાઈક રોડની સાઈડમાં આવેલી વરસાદી ગટરમાં ઉતરી ગયા હતા. જેમાં બે લોકોને ઈજા થવા પામી હતી. આ બન્ને ઘટના બનતા હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.